# સામાજિક વિજ્ઞાન

**ધોરણ : 8 ( Semester 2 )**

**Chapter 1: ધાર્મિક – સામાજિક જાગૃતિ**

**પ્રશ્ન 1 : નીચે આપેલા દરેક પ્રશ્નના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, તેનો ક્રમ-અક્ષર પ્રશ્નની સામે આપેલા ચોરસ લખો :** [10 Mark]

1 19મી સદીમાં ભારતમાં સામાજિક –ધાર્મિક સુધારનાં આંદોલનોના પ્રથમ જ્યોતિર્ધર કોણ હતા ?

[A] દયાનંદ સરસ્વતિ [B] રાજા રામમોહનરાય ☐

[C] સ્વામી વિવેકાનંદ [D] ન્યાયમૂર્તિ રાનડે

2 બ્રહ્મોસમાજના સ્થાપક કોણ હતા ?

[A] રાજા રામમોહનરાય [B] દયાનંદ સરસ્વતિ ☐

[C] ન્યાયમૂર્તિ રાનડે [D] સ્વામી વિવેકાનંદ

3 ભારતમાં સતીપ્રથા પર પ્રતિબંધ મૂકતો કાયદો કોણે ઘડ્યો ?

[A] લૉર્ડ વેલેસ્લીએ [B] લૉર્ડ ડેલહાઉસીએ ☐

[C] લૉર્ડ વિલિયમ બૅન્ટિકે [D] લૉર્ડ કર્ઝને

4 લૉર્ડ વિલિયમ બૅન્ટિકે સતીપ્રથા પર પ્રતિબંધ મૂકતો કાયદો ક્યારે ઘડ્યો ?

[A] ઈ.સ.1818માં [B] ઈ.સ.1829માં ☐

[C] ઈ.સ.1839માં [D] ઈ.સ.1828માં

5 દયાનંદ સરસ્વતિએ મથુરામાં કોની પાસે હિંદુશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો ?

[A] સ્વામી વિવેકાનંદ [B] સ્વામી સહજાનંદ ☐

[C] સ્વામી રામકૃષ્ણ પરમહંસ [D] સ્વામી વિરજાનંદ

6 દયાનંદ સરસ્વતિએ કયો ગ્રંથ લખ્યો ?

[A] અવેસ્તા [B] સત્યાર્થ પ્રકાશ ☐

[C] આર્યપ્રકાશ [D] સુબોધ પ્રકાશ

7 કોલકાતા નજીક આવેલા દક્ષિણેશ્વર મંદિરમાં કાલીમાતાના પૂજારી કોણ હતા ?

[A] સ્વામી વિવેકાનંદ [B] સ્વામી શ્રધ્ધાનંદ ☐

[C] સ્વામી પરમાનંદ [D] રામકૃષ્ણ પરમહંસ

8 શીખોને પાશ્ચાત્ય શિક્ષણ આપવા માટે ખાલસા કૉલેજની સ્થાપના કયાં કરવામાં આવી ?

[A] લુધિયાણામાં [B] પટિયાલામાં ☐

[C] ચંદીગઢમાં [D] અમૃતસરમાં

9 કોના પ્રયાસોને લીધે અંગ્રેજ સરકારે ઈ.સ.1891માં લગ્ન માટે પુખ્તવયનો કાયદો ઘડ્યો ?

[A] બહેરામજી મલબારી [B] કે.આર.કામાના ☐

[C] મહર્ષિ કર્વેના [D] દાદાભાઇ નવરોજીના

10 ‘અખિલ હિંદ હરિજન સંઘ’ના મંત્રી તરીકે કોણે કામ કર્યું હતું ?

[A] વિનોબાભાવે [B] ગાંધીજીએ ☐

bharatlimbdi@gmail.com

[C] ડૉ. આંબેડકરે [D] ઠક્કરબાપાએ

**પ્રશ્ન 2 : બંધબેસતાં જોડકાં રચો :** [ 5 Mark ]

| વિભાગ 'અ' | વિભાગ 'બ' | |
|---|---|---|
| ( 1 ) રાજા રામમોહનરાય | ( A ) વહાબી આંદોલન | |
| ( 2 ) સ્વામી દયાનંદ સરસ્વતી | ( B ) સંત અને સુધારક | |
| ( 3 ) સ્વામી વિવેકાનંદ | ( C ) સતીપ્રથા સામે ઝુંબેશ ચલાવી | |
| ( 4 ) રામકૃષ્ણ પરમહંસ | ( D ) પુણેમાં કન્યાશાળા શરૂ કરી | |
| ( 5 ) સૈયદ અહમદખાન અને શરીઅતુલ્લા | ( E ) 'વેદ તરફ પાછા વળો'નો ઉપદેશ આપ્યો | |
| | ( F ) રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી | |

**પ્રશ્ન 3 : યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો :** [ 5 Mark ]

1 રાજા રામમોહનરાયે ઈ.સ.1822માં ફારસી ભાષામાં '........................................................' નામનું સમાચારપત્ર શરૂ કર્યું હતું.

2 'રહનુમા-ઈ-મઝદયરબન સભા' નામની સંસ્થાએ '........................................' નામનું મુખપત્ર શરૂ કર્યું

3 જ્યોતિબા ફૂલે ........................................ ના જાણીતા સમાજ સુધારક હતા.

4 ઠક્કરબાપાએ ........................................... ની સ્થાપના કરી હતી.

5 સ્વામી વિવેકાનંદે યૂ.એસ.એ.ના શિકાગોમાં ભરાયેલી '........................................' માં હાજરી આપી હતી.

**પ્રશ્ન 4 : નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** [ 5 Mark ]

1 દયાનંદ સરસ્વતિએ સત્યની શોધમાં ગૃહત્યાગ કર્યો હતો.

2 રામકૃષ્ણ પરમહંસને બાળપણથી જ ધાર્મિક પ્રવૃતિઓમાં રસ હતો.

3 સ્વામી વિવેકાનંદ ભારતીય સંસ્કૃતિના પ્રશંસક અને પ્રખર રાષ્ટ્રપ્રેમી હતા.

4 રાજા રામમોહનરાયે સતીપ્રથાની તરફેણમાં ઝુંબેશ ચલાવી હતી.

5 ઠક્કરબાપા આજીવન એકનિષ્ઠ સેવક હતા.

bharatlimbdi@gmail.com